# પરિશિષ્ટ-૧
# જાહેર નિવિદા

### વાહન સુવિધા (હંકારનારની સેવા સાથે) પૂરી પાડવા અંગે

**<u>ટેકનીકલ શિક્ષણ કમિશ્નરશ્રી</u>** શિક્ષણ વિભાગ હસ્તકની **<u>અમદાવાદ</u>** ખાતેની **<u>એલ. ડી. કોલેજ ઓફ એન્જિનીયરીંગ</u>**માં વાહન સુવિધા ઈનોવા / ઝાયલો / ટવેરા (ડિઝલ, એ.સી.) (હંકારનારની સેવા સાથે) પૂરી પાડવા માટે અનુભવી અને પ્રતિષ્ઠિત એજન્સીઓ પાસેથી ઠરાવેલા ટેન્ડરો, સીલબંધ કવરમાં ફક્ત રજિ. પો. એ.ડી.થી પૂર્વ લાયકાત અને ભાવપત્રકના ટેન્ડર ફોર્મ તરીકે અલગ અલગ કવરમાં મંગાવવામાં આવે છે.

કોરા ટેન્ડર ફોર્મ (નોન ટ્રાસન્ફરેબલ) ચાલુ કામકાજનાં દિવસોએ સવારના ૧૧-૦૦ થી ૧૬-૦૦ કલાક વચ્ચે તા. ૨૩-૮-૨૦૧૧ થી તા. ૮-૯-૨૦૧૧ સુધીમાં **આચાર્યશ્રી, એલ. ડી. કોલેજ ઓફ એન્જિનીયરીંગ** કચેરી ખાતેથી અરજી સાથે **આચાર્યશ્રી, એલ. ડી. કોલેજ ઓફ એન્જિનીયરીંગ** કચેરીના નામનો રૂા. ૧,૦૦૦/-નો ડીમાન્ડ ડ્રાફ્ટ સ્વરૂપે (પરત નહીં ચૂકવવાપાત્ર) ટેન્ડર ફીની ચુકવણી કર્યેથી રૂબરૂ મેળવી શકાશે.

કોઈપણ ટેન્ડર કે તમામ ટેન્ડરો કોઈપણ કારણો દર્શાવ્યા વિના રદ કરવાનો અબાધિત અધિકાર આ કચેરીને રહેશે અને ટેન્ડર ભરનારને કચેરીના વખતોવખતના હુકમો બંધનકર્તા રહેશે.

ઈચ્છા ધરાવતી એજન્સીઓ દ્વારા કચેરીની મુલાકાત લઈ કચેરીની જરૂરિયાત, કચેરીની સ્થિતિ વગેરેથી સુમાહિતગાર થઈ શકાશે.

**આ કામ અંગે પ્રીબીડ મીટીંગ તા. ૨૯-૮-૨૦૧૧ ના રોજ સાંજે ૪-૦૦ કલાકે એલ. ડી. કોલેજ ઓફ એન્જિનીયરીંગ કચેરી ખાતે રાખેલ છે.**

પૂર્વ લાયકાત અને ભાવપત્રકના અલગ ભરેલા ટેન્ડર ફોર્મ ઉપર્યુક્ત અધિકારીને તા. ૧૩-૯-૨૦૧૧ના રોજ સાંજે ૫-૦૦ કલાક સુધીમાં રજિ. પો. એ.ડી.થી મળી જાય તેમ મોકલવાના રહેશે.

**સ્થળ : અમદાવાદ** **કચેરીના વડા**

..................................

**નકલ રવાના :**

– સંબંધિત ખાતાના વડાની કચેરી
– કચેરી નોટીસ બોર્ડ